RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૨૩ તા.૩૧–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી અજય એ. જાંગીડ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય એ. જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના એન્જી./ડોકટરોના ડીગ્રી બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૩/૨૦૧૧–૧૨

શ્રી અજય એ. જાંગીડની તા. ૧૦–૧૦–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકાના એન્જી./ડોકટરોના ડીગ્રી બાબતેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા દફતરી માહિતી નકલ સહ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૦ તા.૧૧–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગતો,મળેલ પ્રત્યુત્તર જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આનં.૬૦૬ તા.૨૫–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૭૬ તા.૨૦–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ઉધનાઝોન, વરાછાઝોન, લીંબાયત ઝોન , જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક,એસયુજી, સો.વે.મે., ડ્રેનેજ વિભાગ, સ્ટોમડ્રેનેજ, વિભાગ, જાહેર માહિતી અધિકારી હાઉસીંગ, બીઆરટીએસ, ટ્રાફીક સેલ, વર્ક શોપ, બ્રીજ સેલ, સ્ટ્રીટ લાઈટ, જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ, જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી), જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ, જાહેર માહિતી અધિકારી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્રનં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૦૬ તા.૨૮–૧૧–૧૧ ના પત્રની નકલ, પત્રક–અ ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એચઈડી/આ.નં.૨૩૮૦ તા.૫–૧૧ થી તથા પત્ર નં.એચઈડી/૩૩૬૯ તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ડીએનજી/ આરટીઆઈ/ આ.નં.૩૮ તા.૧૭–૧૧–૧૧ ની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/આ.નં.૨૯ તા.૨૪–૧૧–૧૧ ના પત્રની નકલ, અઠવાઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઓટો/વર્કશોપ/આ.નં.૬૯૫ તા.૨–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર નં.હાઉસીંગ/આ.નં.૫૬૭ તા.૨–૧૧–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૯ તા.૩–૧૧–૧૧ ના પત્ર તથા પત્રકની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં.૨૯૨૦ તા.૯–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર

નં.જીએડી/ઈએસટી/૨૬૩૯ તા.૫–૧૧–૧૧ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૩૧૬ તા.૮–૧૧–૧૧ તથા પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૦૪૯ તા.૮–૧૨–૧૧ નો પત્ર તથા પત્રકની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૩૬૩ તા.૯–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૧૦ તા.૧૧–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૭ તા.૨–૧૨–૧૧ નો પત્ર તથા પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૨–૧૨ ના રોજ રાજય માહિતી આયોગને કરેલ ફરીયાદ/બીજી અપીલની નકલ તથા મુળ અરજીની નકલ તથા તા.૭–૨–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજીથી ડોકરો /ઈજનેરની ડીગ્રી બાબતેની માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) List of all your engineers (including your consultant engineers ), year of their passing of B.E. university number of back pepers B.E. list of project in hand with their cost.

| S.No. | Name of SMC engineers Including engineers of hired consultants | Year of passing B.E. | University institute | Number of backpapers during B.E. | List of projects in hand with cost in crores /respon sibilit, |
|---|---|---|---|---|---|
| | | | | | |

(2) give me the copy of attempt sheet it is more then 2 attempt in B.E. /M.B.B.S

(3) List of all your Doctors (Including your hired consultant doctors ) year of their passing of M.B.B.S University , number of back papers during M.B.B.S list of responsibility.

| S.No. | Name of SMC Including doctor hired consultants | Year of passing M.M.B.S | University institute | Number of backpapers during M.B.B.S. | List of responsibly |
|---|---|---|---|---|---|
| | | | | | |

(4) Please give me the attested copy of rule which showing exemption of attempted with B.E. and M.B.B.S /M.D

અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૭૬ તા.૨૦–૧૦–૧૧ થી નિયત સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ઉધનાઝોન, વરાછાઝોન, લીંબાયત ઝોન , જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક,એસયુજી, સો.વે.મે., ડ્રેનેજ વિભાગ, સ્ટોમડ્રેનેજ, વિભાગ, જાહેર માહિતી અધિકારી હાઉસીંગ, બીઆરટીએસ, ટ્રાફીક સેલ, વર્ક શોપ, બ્રીજ સેલ, સ્ટ્રીટ લાઈટ, જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ, જાહેર માહિતી અધિકારી (પીએન્ડડી), જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ, જાહેર માહિતી અધિકારી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી હાઈડ્રોલીક વિભાગ તરફથી પત્ર નં.એચઈડી/આ.નં./૨૩૮૦ તા.૫–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ ની કલમ–૬ હાઈડ્રોલીક વિભાગની માહિતી રૂ.૨૪/– ભરપાઈ કર્યેથી માહિતી આપવાની રહે છે. તેવું સમય અવધિમાં જણાવતો નાણા ભરપાઈ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૬૯ તા.૧૭–૧–૧૨ ના પૂરક પત્રથી અરજદારને પત્ર તા.૮–૧૧–૧૧ ના રોજ મળેલ હતો આમ છતાં આજ દિન સુધી તેઓ તરફથી નિયત ફી ભરવામાં આવેલ ન હોવાથી માહિતી સાદર કરવામાં આવેલ નથી ફી ની રકમ ભર્યેથી માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. પરંતુ માહિતી મેળવ્યા અંગે બંને પક્ષકારો તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર

નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૩૮ તા.૧૭–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ માંગવામાં આવેલ માહિતી સંબધિત લાગુ મુદ્દાઓ બાબતની વિગત એનેક્ષર–એ સામેલ છે. વધુમાં બેક પેપર સબંધિત તથા બીઈના એટેમ્પ્ટ સબંધિત માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી કન્સલ્ટન્ટ કર્મચારી સંબધિત વિગત રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૯ તા.૨૪–૧૧–૧૧ થી મુદ્દા નં.૨ અંગે સુમપામાં ડોકટરોની નિમણુંક માટેની શૈક્ષણિક લાયકાત એમ.બી.બી.એસ છે. જુની. મેડીકલ ઓફિસરની જુલાઈ–૨૦૧૧ માં બનેલ પ્રતિક્ષાયાદીમાં એમબીબીએસ ની Attempt sheet સામેલ રાખવાનો આગ્રહ આવતો ન હતો. આથી તમારા તરફથી નામજોગ જણાવવામાં આવ્યેથી તેવા ડોકટરોની Attempt sheet નો રેકર્ડ જો ઉપલબ્ધ હશે તો તુરંત તમોને તેની નકલ પૂરી પાડવામાં આવશે. મુદ્દા નં.૩ અંગે સુમપાના આરોગ્ય ખાતા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર/મેટરનીટી હોમ/મોબાઈલ ડીસ્પેન્સરી/ વિવિધ ઝોન તથા મ.ધ. હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડોકટરોની માંગ્યા મુજબની માહિતીનું પત્રક પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૬૯૫ તા.૨–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ બાબતે અરજીના સંદર્ભમાં મ્યુ. વર્કશોપ વિભાગ ખાતે બી.ઈ. ની ડીગ્રી ધરાવતા કોઈ એન્જી. કે એમબીબીએસની ડીગ્રી ધરાવતા કોઈ ડોકટર ફરજ બજાવતા નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર નં.હાઉસીંગ/આ.નં.૫૬૭ તા.૨–૧૧–૧૧ થી સોહમ.પી. દેસાઈ અને બી.એન.પટેલ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૯ તા.૩–૧૧–૧૧ થી બ્રીજસેલના ૧ થી ૯ ઈજનેરોની માહિતી પત્રકમાં આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી સમય અવધિમાં પત્ર નં.સમીમેર/આ.નં.૨૯૨૦ તા.૯–૧૧–૧૧ થી મુદ્દા નં.૨ બાબતે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૩ બાબતે રૂ.૫૦/– ભરી હાર્ડ કોપી મેળવી લેવી. મુદ્દા નં.૪ બાબતે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૩૯ તા.૫–૧૧–૧૧ થી અરજી જે તે ઝોન/ખાતામાં તબદીલ કરવામાં આવેલ હોય માહિતી જે તે ઝોન/ખાતામાંથી મેળવી લેવું તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૩૧૬ તા.૮–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ ની પૂર્તતા સાથે પત્રક–૨ મુજબની છે તથા અરજીના કોલમ નં.૫ બાબતે સ્પષ્ટતા થયેથી માહિતી આપી શકાશે. તેવું સમય અવધિમાં જણાવેલ. ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૫૪ તા.૨૩–૧૧–૧૧ થી કોલમ નં.૫ બાબતે તેમના તરફથી સ્પષ્ટતા કરી જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી આજ દિન સુધી સ્પષ્ટતા કરવામાં આવેલ ન હોય ફરીથી દિન–૭ ની મુદતમાં સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે. મુદત વીત્યેથી તમોને માહિતી મેળવવામાં રસ નથી એમ સમજી અપીલ અરજી દફતરે કરવામાં આવશે. તેવું અરજદારને જણાવતા પત્રની નકલ રજૂ કરેલ છે. ત્યાર બાદ ફરીથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૦૪૯ તા.૮–૧૨–૧૧ થી કોલમ નં.૫ બાબતે તેમના તરફથી સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ છે દિન–૭ માં સ્પષ્ટતા કરવા તથા મુદત વીત્યેથી અરજી દફતરે કરવામાં આવશે એવું અરજદારને જણાવવામાં આવેલ પરંતુ તેમના તરફથી આજ દિન સુધી સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેથી દિન–૩ માં પત્રક–૨ થી સ્પષ્ટતા કરી જવા જાણ કરવામાં આવેલ. મુદત વીત્યેથી સદર માહિતી મેળવવામાં રસ નથી એમ સમજી અરજી દફતરે કરવામાં આવશે તેવું અરજદારને જણાવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ગાર્ડન હાઉસીંગ તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૩૬૩ તા.૯–૧૧–૧૧ થી સમય અવધિ બાદ રાકેશ એન. મોદીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૧૦ તા.૧૧–૧૧–૧૧ થી સમય અવધિ બાદ મુદ્દા ન.૧ અંગે ૧ થી ૧૭ એન્જી. તથા મુદ્દા નં.૩ અંગે ૧ થી ૨ હાયર એન્જી. ની માહિતી દર્શાવતું પત્રક પુરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝનો તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૭ તા.૨–૧૨–૧૧ થી સમય અવધિમાં ૧ થી ૧૧ એન્જી. નું માહિતી દર્શાવતું પત્રક–એ પુરું પાડવામાં આવેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૬ તા.૨૮–૧૧–૧૧ થી સમય અવધિ બાદ અરજદારને પૂર્વઝોન (વરાછા) ના એન્જી. બી.ઈ.ની પરીક્ષા કયા વર્ષમાં કઈ યુનિર્સસીટીમાંથી પાસ કરી છે તેવી યાદનું પત્રક –અ પુરું પાડેલ છે. જે અંગે અરજદારે અપૂરતી અને અરજીમાં જણાવેલ નિર્દિષ્ટ પત્રકમાં જણાવેલ વિગતે માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન અથવા જવાબદાર અધિકારી ૧૯(૧) પત્ર નં.૬૦૬ બાબતે અપીલ અરજી કરેલ છે. વધુમાં નિયત સમય અવધિમાં સંતોષકારક પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવેલ છે. જે અંગે વરાછાઝોન તરફથી નિયત સમય અવધિ બાદ ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૬ તા.૨૮–૧૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જે અંગે અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/૧૪૪૦ તા.૭–૧૧–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગતો,મળેલ પ્રત્યુત્તર જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા અપીલ દરમ્યાન પ્રત્યુત્તર મળે તો તે અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા અધૂરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધારસહ વિગતો પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી પૂરક વિગતો ની જગ્યાએ તેઓએ રાજય માહિતી આયોગમાં કરેલ ફરીયાદ અને બીજી અપીલની નકલ તા.૧–૨–૧૨ ની તથા તા.૭–૨–૧૨ ના પત્રથી સુનાવણી રાખવાનો આગ્રહ કરેલ. જે અંગે અત્રેથી પત્ર ન.આરટીઆઈ સેલ/૧૭૩૩ તા.૧૩–૨–૧૨ થી બંને પક્ષોની રજૂ થયેલ વિગતો ધ્યાને લીધા બાદ આવશ્યક જણાય તો સુનાવણી રાખવાનું અપીલ અધિકારીની વિવેકાધિન સત્તા મર્યાદામાં છે તેથી સંદર્ભ–૨

મુજબના પત્રોમાં જણાવ્યા અનુસાર પુનઃ આધાર સહ પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી ત્યાર બાદ પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી કે અન્ય જાહેર માહિતી અધિકારીને પક્ષકાર તરીકે જોડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૧–૧૨–૧૧ ધ્યાને લેતાં ૩૦–૧–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૪–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

અરજદારે પ્રસ્તુત અપીલમાં પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ રાખેલ છે પરંતુ પ્રથમ અપીલ કક્ષાએ દિવાની કાર્યરીતી અધિનિયમ–૧૯૦૮ હેઠળની આરટીઆઈ બાબતે સત્તાઓ પ્રદાન થયેલ ન હોય તેમ કરવું આદેશાત્મક નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારને તેમનો પક્ષ રજૂ કરવા વાજબી અને પૂરતી તક આપવામાં આવેલ છે. એ પણ ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત હુકમ અરજદારની તરફે જાય છે. આમ વૈકલ્પિક હકારાત્મક દૃષ્ટિકોણથી કાયદાની હાર્દ અને ભાવના જાળવી રાખવા સાથે પ્રથમ અપીલનો હુકમ થતો હોય તો પ્રત્યક્ષ સુનાવણીનો આગ્રહ અરજદાર પક્ષે રાખવો વ્યવહારુ, ઉચિત અને જાહેર હિતલક્ષી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૧૦–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અને અરજદારે વરાછાઝોન પૂરતી અપીલ અરજી કરેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અજય એ. જાંગીડ,